તાપમાન

	મહત્તમ	લઘુતમ
નવસારી	૩૧.૦° સે.	૨૪.૦° સે.
આહવા	૩૧.૦° સે.	૨૦.૦° સે.
વલસાડ	૩૨.૦° સે.	૨૬.૦° સે.
વાપી	૩૨.૦° સે.	૨૬.૦° સે.

સંક્ષિપ્ત સમાચાર

સાપુતારા ઘાટમાર્ગ પર બે કાર અથડાતા માતા-પુત્રી ઘાયલ

ગિરીશ ભોયે

સાપુતારાઃ સાપુતારા ઘાટમાર્ગમાં અકસ્માત સર્જાયો હતો. જેમાં મરાઠી પરિવારની ટાટા નેક્સોન કાર (નં. MH 15 KC 7113) અને સુરતી પરિવારની ટોયોટા ઇનોવા ગાડી (નં. GJ 05 CK 8712) વચ્ચે સામસામે જોરદાર ટક્કર થતા માં-દીકરી ઘાયલ થયા હોવાના અહેવાલ સાંપડ્યા છે. ઘટના બાદ આસપાસના લોકો એકઠા થઇ ગયા હતા અને ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જોગવેલ પાસેથી સેલવાસથી કારમાં દારૂ ભરી આવતા બે ઝડપાયા

વલસાડઃ નાનાપોંઢા પોલીસે જોગવેલ નજીકથી મારૂતિ ઇકો કારમાંથી રૂ.2.63 લાખની કિંમતની બિયર અને વ્હિસ્કીની 1344 બોટલો કબજે કરી ચાલક સહિત કુલ બે ઇસમોને ઝડપી લીધા હતા. સેલવાસ તરફથી દારૂ ભરેલી ઇકો કાર (નં. જીજે 15 સીજે 4370)ને અટકાવી તપાસ કરતાં રૂ.2,63,760 ની કિંમતની બિયર વ્હિસ્કીની 1344 બોટલો મળી આવી હતી. પોલીસે નિલેશ મુકેશ નાયકા (રહે., વાડ ગામ, તા.ખેરગામ) અને ગૌરાંગ શાંતિલાલ પટેલ (રહે., વાલોડ ફળિયું) સામે ગુનો દાખલ કર્યો હતો.

જલાલપોરમાં શ્રમિક યુવકનો આપઘાત

નવસારીઃ જલાલપોરના ગૌરીશંકર મહોલ્લામાં 30 વર્ષીય શ્રમિક યુવકના આપઘાતના બનાવથી વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી. મૂળ ઉત્તર પ્રદેશના જોનપુર જિલ્લાના સીઠાપુર ગામનો દિનેશભાઇ કરિયાભાઇ સોનકર હાલ મધુ માર્કેટ નજીક શાળા નં.૬ પાસે આવેલા ગાયત્રી એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહેતો હતો અને મજૂરીકામ કરીને જીવનનિર્વાહ કરતો હતો. તા. ૨૬ સપ્ટેમ્બરની વહેલી સવારે તેણે પોતાના નિવાસસ્થાને પંખા સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જે અંગે જલાલપોર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઉમરગામમાં દેહરીમાં ગાંજાનું વાવેતર કરનાર રાજસ્થાની શખ્સ ઝડપાયો

ઉમરગામઃ ઉમરગામના દેહરીમાં ગાંજાનું વાવેતર કરનાર એક રાજસ્થાની શખ્સ ઝડપાયો છે. ઉમરગામ પોલીસે કટવાર ફળિયામાં હેમરાજ ઉર્ફે પિન્ટુ સોહનલાલ ચૌહાણ (ઉ.વ.27, રહે., પ્લોટ નં.76, નવી જીઆઇડીસી કોલોની, નવજીવન હોટલની પાછળ, ઉમરગામ, મૂળ ઉદયપુર, રાજસ્થાન)ની કબજા વાળી વાડીની ભૂલી જમીનમાં ગાંજાનો છોડ ઉગાડેલો હોય રેડ કરી પકડી પાડ્યો હતો અને લીલા ગાંજાનો છોડ નંગ એક જેનું વજન 3.799 કિલોગ્રામ કિંમત રૂપિયા 1,89,950 તથા મોબાઇલ ફોન કિંમત રૂપિયા 10,000 મળી કુલ રૂપિયા 1,99,950 નો કુલ મુદ્દામાલ કબજે કર્યો હતો.

પેરાગામમાં મોડી રાત્રે દીપડાની એન્ટ્રીથી ફફડાટ

નવસારીઃ નવસારીના પેરાગામમાં મોડી રાત્રે દીપડો દેખાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. પાંચ ગાળા આહિરવાસ નજીક વાઘેચ રોડ પર રાત્રિના સમયે પસાર થતાં વાહનચાલકો અને સ્થાનિકોની નજરે દીપડો પડ્યો હોવાની માહિતીથી આસપાસના વિસ્તારમાં ચિંતા પ્રસરી હતી. ગામમાં દીપડાની જાણ થતાં ખાસ કરીને રાત્રે ખેતરોમાં પાણી વાળવા જતા ખેડૂતો અને વહેલી સવારે પશુઓ સાથે નીકળતા પશુપાલકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલાં વાઘેચ રોડ તથા આસપાસના વિસ્તારમાં પાંજરું ગોઠવી દીપડાને પકડવા તાકીદે કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઊઠી છે.

ઘેજ ગામે દીપડાએ બકરીનું મારણ કરતાં ભય

ઘેજઃ ચીખલી તાલુકાના ઘેજ ગામના પહાડ ફળિયામાં દીપડો ઘસી આવી ઉત્તમભાઈ નગાભાઈ પટેલના ઘર પાસે બાંધેલી બકરીને ફાડી ખાતા સ્થાનિકોમાં ગભરાટ માહોલ ફેલાવા પામ્યો છે. આ અંગે ગામના સરપંચ રાકેશભાઈ પટેલે જાણ કરતાં આવતા વન વિભાગે પાંજરું ગોઠવવાની તજવીજ હાથ ધરી હતી. દુકાન ફળિયામાં ત્રણેક દિવસ પૂર્વે પણ દીપડો ઘસી આવ્યો હતો.

પોલીસની રકમ રિફંડ મેળવવામાં આરોગ્યકર્મીએ રૂપિયા ૪૮ હજાર ગુમાવ્યા

નવસારીઃ દિપલા PHCમાં MPHW તરીકે ફરજ બજાવતા વિજયભાઈ હિરજીભાઈ ધાંધલને તા.૨૪ ઓગસ્ટે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે વીમા કંપનીનો મેનેજર હોવાનું કહી જૂની પોલિસીની વિગતો વ્હોટ્સએપ પર મોકલી વિશ્વાસ કેળવ્યો હતો. પોલિસી બંધ કરાવવા માટે ચોથું પ્રીમિયમ ભરવાનું કહી ગૂગલ-પે મારફતે પ્રથમ રૂ. ૨૮,૧૩૨ ટ્રાન્સફર કરાવ્યા હતા. બીજા દિવસે પેનલ્ટીના નામે વધુ રૂ. ૧૯,૯૯૯ પડાવી લીધા હતા. ત્યારબાદ રકમ પરત ન મળતાં અને ઠગનો મોબાઇલ સ્વિચ ઓફ કરી દીધો હતો. જે અંગે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

તીઘરામાં તૂટેલા જીવંત વીજતારે ગાયનો જીવ લીધો, મોટી દુર્ઘટના ટળી

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૩માં આવેલા તીઘરા ગામમાં વીજતાર તૂટી પડતાં કરંટ લાગવાથી એક ગાયનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિક અગ્રણી મનિષ બારોટે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે વિસ્તારમાં વીજવાયરો લાંબા સમયથી જર્જરિત હાલતમાં છે અને અગાઉ પણ સમારકામ માટે રજૂઆતો કરવામાં આવી હોવા છતાં યોગ્ય કાર્યવાહી થઈ નથી. ઘટનાસ્થળે તે સમયે કોઈ રાહદારી કે બાળક હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હોવાનું સ્થાનિકો કહેવું છે.

25 Years of Modi for Tribals' નામનું પુસ્તક ટૂંક સમયમાં પ્રકાશિત થશે

વલસાડઃ લોકસભાના દંડક અને વલસાડ ડાંગના યુવા સાંસદ ધવલ પટેલ દ્વારા લખાયેલું આદિવાસી સશક્તિકરણની સફર ઉપર આધારિત 25 Years of Modi for Tribals' નામનું પુસ્તક ટૂંક સમયમાં પ્રકાશિત થવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે 7 ઓક્ટોબર 2001ના રોજ પદ સંભાળ્યા પછીથી સાર્વજનિક જીવનમાં 25 વર્ષ પૂરાં કર્યાં છે, અને આ સમયગાળા દરમિયાન આદિવાસીઓના વિકાસ તથા સશક્તિકરણ માટે અનેક વિશેષ પહેલ કરવામાં આવી છે. પુસ્તકમાં આદિવાસી કલ્યાણ અને સશક્તિકરણ, દિવાસી કલ્યાણ માટેના બજેટમાં નોંધપાત્ર વધારો, ઘરો સુધી શુદ્ધ પીવાનું પાણી, પાકા મકાનો અને શૌચાલયની સુવિધા, આયુષ્માન કાર્ડ, ભગવાન બિરસા મુંડાની જયંતીને 'ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની શરૂઆત સહિત આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને રાષ્ટ્રીય સ્તરે વિશેષ માન સહિતના મુદ્દાઓને આવરી લેવાયા છે.

ઉદવાડાગામના સરપંચ-ઉપસરપંચ ત્રણ લાખનાં લાંચ કેસમાં સસ્પેન્ડ

DDOનો કાર્યવાહી બાદ કડક નિર્ણય, મહિલા સભ્ય પર પણ સસ્પેન્ડની તલવાર

વાપીઃ પારડી તાલુકાના ઉદવાડા ગ્રામ પંચાયતના સરપંચ ધર્મેન્દ્ર પટેલ અને ઉપસરપંચ સરોશ ઇરાનીને વલસાડ ડીડીઓએ સસ્પેન્ડ કરતાં પારડી તાલુકામાં ચકચાર મચી જવા પામી છે. 3 લાખની લાંચના કેસમાં ACBની કાર્યવાહી બાદ જિલ્લા વિકાસ અધિકારીએ સસ્પેન્ડનો હુકમ કર્યો છે.

ફરિયાદીની જમીનને ખેતીમાંથી રહેણાંક ઝોનમાં ફેરવવા માટે સરપંચ, ઉપસરપંચ અને મહિલા સભ્ય ધર્મિષ્ઠા પટેલે ₹3 લાખની લાંચ માંગી હતી. ફરિયાદીએ લાંચ આપ્યા બાદ પુરાવા સાથે ACBનો સંપર્ક કર્યો હતો. ACBની તપાસમાં ઉપસરપંચ સરોશ ઇરાની અને મહિલા સભ્ય ધર્મિષ્ઠા પટેલની ધરપકડ થઈ હતી.

સરપંચ ધર્મેન્દ્ર પટેલ ફરાર થઈ ગયા હતા. તેમને વોન્ટેડ જાહેર કરાયા હતા. ACBની જાણ બાદ DDOએ તપાસ કમિટી બનાવી હતી.

કમિટીના અહેવાલ અને બંને પક્ષની રજૂઆતો સાંભળીને DDOએ સરપંચ અને ઉપસરપંચને તરત જ હોદ્દા પરથી સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. મહિલા સભ્ય ધર્મિષ્ઠા પટેલ સામે ACBની કાર્યવાહી ચાલુ છે.

સરપંચ અને ઉપસરપંચના સસ્પેન્શનો ઓર્ડર કર્યા બાદ હવે આવનારા દિવસોમાં મહિલા સભ્ય અંગે સોમવારે સ્થિતિ સાફ થશે. ત્યારે હવે તાલુકા સરપંચ સંઘના પ્રમુખને સસ્પેન્ડ કર્યા બાદ પારડી તાલુકાના સરપંચ સંઘના નવા પ્રમુખ બદલવાના ભણકારા વાગી રહ્યા છે.

હાલ પારડી તાલુકા સરપંચ સંઘના પ્રમુખ તરીકે ઉદવાડા ગામના સરપંચ ધર્મેન્દ્ર પટેલ છે. જેઓ લાંચ કેસમા વોન્ટેડ છે. પંચાયતની ચૂંટણીને ત્રણથી ચાર માસ બાકી છે. જેથી સરપંચ સંઘના પ્રમુખની વરણી ચૂંટણી પછી થઇ શકે છે.

વિસર્જનમાં માતાને અશ્લીલ ઈશારા કરનારને ઠપકો આપતા પુત્ર પર હુમલો

બચાવવા વચ્ચે પડેલી ભાભીને પણ મારી, કસ્બાવાડીના ચાર સામે ગુનો નોંધાયો

બીલીમોરાઃ ગણદેવીના કસ્બાવાડી વિસ્તારમાં ગણેશ વિસર્જન દરમિયાન એક મહિલાને અશ્લીલ ઈશારા કરનાર યુવકને ઠપકો આપવા જતાં તેના પુત્ર સાથે વચ્ચે પડેલી તેની ભાભી પર ચાર શખ્સે હુમલો કરી માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે ગણદેવી પોલીસ મથકમાં ચાર શખ્સો સામે ગુનો નોંધાતા પોલીસે ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

ગણદેવી કસ્બાવાડી નિશાળ ફળિયામાં રહેતા જૈનીશ ધીરુભાઈ પટેલ (ઉ.વ.૨૧) શુક્રવારે સાંજે મિત્ર ધ્રુવ હળપતિ સાથે મોટરસાઇકલ પર ખડીખાડી નદી કિનારે ગણપતિ વિસર્જન જોવા ગયા હતા. કસ્બાવાડીમાં દેસાઈની વાડી પાસેથી જૈનીશની માતા જશુબેન પગપાળા પસાર થઈ રહ્યા હતા. તે સમયે વિરલ સુમનભાઈ નાયકા નામના યુવકે જશુબેન તરફ અશ્લીલ ઈશારા કર્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. માતા સાથેની આ હરકત જોઈ જૈનીશે મોટરસાઇકલ ઊભી રાખી વિરલ નાયકાને ઠપકો આપી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. આથી ઉશ્કેરાયેલા વિરલે જૈનીશનું ગળું પકડી તેને મોટરસાઇકલ પરથી નીચે પાડી દીધો હતો. ત્યારબાદ જીમીત સંજયભાઈ નાયકા, કેતન અરવિંદભાઈ નાયકા અને ભાર્ગવ વિનોદભાઈ નાયકા પણ ત્યાં આવી પહોંચ્યા હતા. ચારેય ભેગા મળી જૈનીશ સાથે મારામારી કરી હતી.

આ દરમિયાન જીમીતે હાથમાં પહેરેલા પંચ વડે જૈનીશના માથાના ભાગે માર માર્યો હતો, જ્યારે ભાર્ગવે લાકડી વડે તેની પીઠના ભાગે ફટકા માર્યા હતા. જૈનીશને માર મારતા જોઈ તેના ભાભી પ્રિયાબેન વચ્ચે પડતાં કેતન નાયકાએ હાથમાં પહેરેલા કડાથી તેમના કપાળના ભાગે ઈજા પહોંચાડી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. આ ઉપરાંત હુમલાખોરોએ ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. મોડી રાત્રે જૈનીશને માથામાં અસહ્ય દુખાવો થતાં તેને સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે જૈનીશ પટેલની ફરિયાદના આધારે ગણદેવી પોલીસે વિરલ સુમનભાઈ નાયકા, જીમીત સંજયભાઈ નાયકા, કેતન અરવિંદભાઈ નાયકા અને ભાર્ગવ વિનોદભાઈ નાયકા (તમામ રહે., કસ્બાવાડી, નિશાળ ફળિયા, ગણદેવી) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉમરગામમાં પરિવાર વિસર્જન જોવા ગયો ને તસ્કરો ઘર સાફ કરી ગયા

ઉમરગામઃ ઉમરગામના ગોવાડા ગોદર ફળિયામાં રૂપિયા 1,98,090ની ઘરફોડ ચોરી થઈ છે. ઘરના લોકો ગણપતિ વિસર્જનમાં ગયા હતા તે વખતે તસ્કરોએ હાથ સાફ કર્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ તાલુકાના ગોવાડા ગોદર ફળિયામાં રહેતા ફરિયાદી વિનોદભાઈ તારીખ 16 સપ્ટેમ્બરે સાંજના સમયે પોતાનું ઘર બંધ કરી પરિવારજનો સાથે ગણપતિ વિસર્જનમાં ગયા હતા. તે વખતે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ઘરના સલાઈડીંગ વિન્ડોમાંથી ઘરમાં પ્રવેશ કરી કબાટ ખોલી સોનાના દાગીના મંગલસૂત્ર વીંટી કિંમત રૂપિયા 1,98,090 ની મતાની ચોરી કરી નાસી ગયા હતા. ઉમરગામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

'હવે પછી બાંધકામ રોકાવવા અરજી કરીશ તો જાનથી મારી નાંખીશ'

વાપીના વટારમાં બાંધકામની અરજી મુદ્દે અદાવતમાં વાયરમેન અને તેની ભાભીને માર મરાયો

વાપીઃ વાપીના વટાર ગામના જરસીંગ ફળિયામાં બાંધકામ અટકાવવા અંગે મહાનગરપાલિકામાં અરજી કરવાથી ઉશ્કેરાયેલા ચાર શખ્સે એક વાયરમેન અને તેમના ભાભી પર હુમલો કરી માર માર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે.

મળતી માહિતી મુજબ, વટાર ગામના જરસીંગ ફળિયામાં રહેતા અને વાયરમેન તરીકે કામ કરતા રાજેશભાઈ અમ્રતભાઈ ભંડારી (ઉ.વ.૪૯)ના ઘરની બાજુમાં રહેતા ભરતભાઈ ભંડારી બાંધકામ કરી રહ્યા હતા.

આ અંગે રાજેશભાઈએ અગાઉ વાપી મહાનગરપાલિકામાં અરજી કરતાં પાલિકા દ્વારા બાંધકામ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. બનાવ બન્યો ત્યારે આરોપીઓ રાજેશભાઈની જમીનમાં રોડની સાઈડે લાકડાના ખુટ્ટા મારી રહ્યા હતા. રાજેશભાઈએ તેઓને 'અમારી જમીનમાં ખુટ્ટા કેમ મારો છો?' તેમ પૂછતાં બોલાચાલી થઈ હતી. ત્યારબાદ થોડીવારમાં જ આરોપીઓ સાગરભાઈ અશોકભાઈ ભંડારી, મનીષભાઈ ધનસુખભાઈ ભંડારી, આયુષભાઈ ભરતભાઈ ભંડારી અને ધનસુખભાઈ ખંડુભાઈ ભંડારી (તમામ રહે. વટાર, જરસીંગ ફળિયા) રાજેશભાઈના ઘરે ધસી આવ્યા હતા.

આરોપીઓએ 'અમારા કુટુંબીજનોના ઘરનું બાંધકામ કેમ નગરપાલિકામાંથી રોકાવેલ છે?' કહી ઉશ્કેરાઈને રાજેશભાઈને ઢીકમુક્કીનો માર મારી તેમનો શર્ટ ફાડી નાખ્યો હતો. આ દરમિયાન તેમ ને છોડાવવા વચ્ચે પડેલા તેમના ભાભી હેમાબેનને પણ આરોપીઓએ માર માર્યો હતો. જતાં જતાં આરોપી સાગરભાઈ ભંડારીએ ધમકી આપી હતી કે 'હવે પછી બાંધકામ રોકાવવા અરજી કરીશ તો જાનથી મારી નાખીશ'. આ બનાવ અંગે વાપી ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હવે બીલીમોરાના ગૌરવ પથ પર પ્લાસ્ટિકનો કચરો ઠલવાયો

કેતન બારીયા

ગણદેવીથી અમલસાડ તરફ જતા માર્ગ પર બોકડિયા ખાડીમાં અજાણ્યા વાહનચાલક દ્વારા મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો કચરો ઠાલવી દેવાની ગંભીર ઘટના બની હતી, તેવી જ ઘટના બીલીમોરાના ગૌરવ પથ રોડ ઉપર બનવા પામી છે. નગરપાલિકાની જાણ બહાર બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો તેમજ પર્યાવરણપ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે. ગૌરવપથ માર્ગ પરના સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરી પ્લાસ્ટિકનો કચરો ઠાલવનારની ઓળખ કરી તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે. આ પ્રકારની બેદરકારીભરી રીતે કચરો ઠાલવવાની ઘટનાઓ રોકવા માટે તંત્ર દ્વારા નિયમિત દેખરેખ અને કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ સ્થાનિકોએ માંગ કરી છે.

નાની દમણ પોલીસના 2 કોન્સ્ટેબલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાયા

રિક્ષાચાલકને માર મારી ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી રૂ.2 હજાર ટ્રાન્સફર કરવા મજબૂર કર્યો હતો

દમણઃ દમણ પોલીસે નાની દમણ પોલીસ મથકમાં ફરજ બજાવતા બે પોલીસ કોન્સ્ટેબલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી તેમની સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરી છે. આ કેસમાં એક નાગરિકને પણ સહઆરોપી બનાવવામાં આવ્યો છે.

પોલીસની સત્તાવાર માહિતી મુજબ, તા. 24 અને 25 સપ્ટેમ્બરની મધ્યરાત્રિએ ભેંસલોર ખાતે સુઝલોન કંપની નજીક એક ઓટોરિક્ષા ચાલકને માર મારવામાં આવ્યો હતો. તેને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી કથિત રીતે 2 હજાર રૂપિયા ટ્રાન્સફર કરવા મજબૂર કરાયો હતો. આ ઘટનાની જાણ થતાં પોલીસ અધિક્ષકના આદેશથી એસડીપીઓ દમણ આદર્શ પટેલ, આઈ.પી.એસ.ની દેખરેખ હેઠળ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ બાદ નાની દમણ પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા 2023 ની કલમ 115(2), 308, 119(1) અને 3(5) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. એ કેસમાં નાની દમણ પોલીસ મથકના કોન્સ્ટેબલ દિનક ચોશટ અને હિતેશ પારડીની સંડોવણી સામે આવતાં બંનેને વિભાગીય તેમજ ફોજદારી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉપરાંત, વાપીના કુંતા, સડક ફળિયા ખાતે રહેતા કરણ ગુગાભાઈ ભરવાડને પણ કેસમાં આરોપી તરીકે સામેલ કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

દૂધિયા તળાવ શાકમાર્કેટમાં લારીની જગ્યા મુદ્દે ફરી બબાલ

યુવક પર પાઇપથી હુમલો, વર્ષમાં આવા છથી વધુ બનાવ નોંધાયા

નવસારીઃ દૂધિયા તળાવ શાકભાજી માર્કેટ વિસ્તારમાં લારી મુકવાની જગ્યા બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં યુવક પર લોખંડની પાઇપથી હુમલો કરાયો હોવાની ઘટના સામે આવી છે.

લુન્સીકુઈ રોડ પર રહેતા મૂળ ઉત્તર પ્રદેશના ૨૩ વર્ષીય રાજન વિનોદભાઈ સોનકર તા. ૨૬ સપ્ટેમ્બરે સાંજે સેન્ટ્રલ આર્કેડ પાસે લારી સાથે ઊભા હતા. આ દરમિયાન લારી રસ્તા પર રાખવા બાબતે દીપક દિનેશકુમાર પ્રજાપતિ સાથે તકરાર થઈ હતી. બોલાચાલી દરમિયાન મામલો વણસતા દીપકે લોખંડની પાઇપથી રાજન પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે.

હુમલામાં રાજનને ડાબી પાંસળીના ભાગે તેમજ હાથની હથેળીમાં ઈજા થઈ હતી. બનાવ અંગે રાજન સોનકરની ફરિયાદના આધારે નવસારી ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન દૂધિયા તળાવ શાકમાર્કેટ વિસ્તારમાં લારી મુકવા અને જગ્યા ફાળવણીના મુદ્દે અગાઉ પણ મારામારીના બનાવો નોંધાયા હોવાનું સામે આવ્યું છે. છેલ્લા એક વર્ષમાં આવા છથી વધુ બનાવો બન્યા હોવાનું જાણવા મળે છે, જ્યારે કેટલાક ઝઘડા પોલીસ સુધી પહોંચતા ન હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. વારંવાર સર્જાતી તકરારોને પગલે લારીધારકો માટે યોગ્ય વ્યવસ્થા અને જગ્યા નક્કી કરી કાયમી ઉકેલ લાવવા નવસારી મહાનગરપાલિકા કાર્યવાહી કરે તેવી શહેરીજનોમાં માંગ ઊઠી છે.

વાંસદાના રાણી ફળિયામાં ખેરના છ વૃક્ષ કાપનાર સાત ઝડપાયા

રાત્રિના અંધારાનો લાભ લઈ મુખ્ય માર્ગ પર ખેરના વૃક્ષો કાપ્યા હતા

નિલેશ કાપડિયા

વાંસદાઃ વાંસદા પશ્ચિમ રેન્જના જામલિયા બીટ વિસ્તારમાં આવેલા રાણી ફળિયા ગામના ગડગાબારી ખાતે રાત્રિના સમયે ખેરના વૃક્ષો કાપી પાડવાના બનાવમાં વન વિભાગે ગણતરીના કલાકોમાં સાત આરોપીને ઝડપી પાડ્યા હતા.

વાંસદાના રાણી ફળિયા ગામના ગડગાબારી ફળિયા ખાતે વણારસી તરફ જતા મુખ્ય માર્ગ પર શનિવારની રાત્રે આશરે 1:10 વાગ્યાના અરસામાં અંધારાનો લાભ લઈ ખેરના છ વૃક્ષ કાપી નાંખવામાં આવ્યાં હતાં. બનાવની જાણ થતાં જ વાંસદા વનવિભાગે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન વન વિભાગની ટીમે કાર્યવાહી કરી ગુનામાં સંડોવાયેલા સાત આરોપી શશિકાંત અમૃત પટેલ (રહે., લીંઝર, તા.વાંસદા), કિરણ કાનુભાઈ પટેલ, અવિનાશ દીપક પટેલ, અજય મુકેશભાઈ ગરાસિયા, સંજય ગમનભાઈ ગરાસિયા, નીતિન નવીનભાઈ ગરાસિયા તથા રોહિતભાઈ મામલભાઈ જાદવ (તમામ રહે., રાણી ફળિયા, તા.વાંસદા, જિ.નવસારી)ને ઝડપી પાડ્યા હતા. વન વિભાગે આરોપીઓ પાસેથી ખેરના લાકડાનો આશરે 2.026 ઘનમીટર જથ્થો કબજે કર્યો હતો. ઉપરાંત ગુનામાં ઉપયોગમાં લેવાયેલી ત્રણ બાઈક તથા જીજે-15-એક્સ-8668 નંબરનો આઈશર ટેમ્પો પણ કબજે કરવામાં આવ્યો હતો.

વાવર વીજ દુર્ઘટનામાં કંપની, કોન્ટ્રાક્ટર સામે બંદરકાંટીના આક્ષેપો

વલસાડઃ કપરાડા તાલુકાના વાવર ગામે વીજ થાંભલા કામગીરી દરમિયાન વીજ પોલ છટકી જઈ જીવંત વીજ તાર ઉપર પડતાં બે યુવાનના મોત થયા હતા.

જે મુદ્દે આમ આદમી પાર્ટી કપરાડા નાનાપોંઢાના પ્રતિનિધિ મંડળે પીડિત પરિવારની મુલાકાત લીધી હતી અને વીજ કંપની અને કોન્ટ્રાક્ટર સામે બેદરકારીના આક્ષેપો કર્યા હતા અને ગુજરાત સરકાર રાહત ફંડમાંથી પીડિત પરિવારોને 5-5 લાખનું વળતર આપે તેવી માંગણી જયેન્દ્ર ગાંવિત પ્રદેશ જોઇન્ટ સેક્રેટરી, આમ આદમી પાર્ટીએ કરી હતી.

ઘટનામાં સાગર સરનાયક અને સુરેશ પવારના કરંટ લાગતા મોત થયા હતા. દિવ્યેશ પટેલ, આમ આદમી પાર્ટી વલસાડ ડાંગ લોકસભા સંગઠન મંત્રી, કપરાડા વિધાનસભા યુવા પ્રમુખ લતેશભાઈ પટેલ, કપરાડા સંગઠન મંત્રી આનંદ થોરાત ઉપસ્થિત રહ્યા હતા.

દમણમાં દારૂના ગેરકાયદે જથ્થા પર પોલીસનો સપાટો

ત્રણ જગ્યાએથી રૂ.53 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

દમણઃ સંઘપ્રદેશ દમણ પોલીસે ત્રણ કાર્યવાહીમાં દારૂ-બિયરના ગેરકાયદે જથ્થો તથા વાહનો મળી અંદાજે રૂ.53.07 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

કચીગામ પોલીસને મળેલી બાતમીના આધારે કચીગામ ચાર રસ્તા સ્થિત ચંદન કોમ્પ્લેક્સના એક ગાળામાં દરોડો પાડી પાર્ક કરેલી હ્યુન્ડાઈ ક્રેટા કાર તેમજ ગાળામાંથી મોટા પ્રમાણમાં દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે 22,488 બોટલ અને ટીન જેની અંદાજે કિંમત રૂપિયા 17.28 લાખનો દારૂ તથા રૂ. 13 લાખની કિંમતની ક્રેટા કાર જપ્ત કરી હતી. બીજી કાર્યવાહીમાં ડાભેલ પોલીસે તા. 25 સપ્ટેમ્બરે આંટીયાવાડ ચાર રસ્તા નજીક પાર્ક કરેલી ટોયોટા રૂમિયન અને મારુતિ સુઝુકી અર્ટિગા કારની તપાસ કરતાં તેમાંથી પણ દારૂનો

જથ્થો મળી આવ્યો હતો. પોલીસે 12 બોક્સ દારૂ જેની અંદાજિત કિંમત રૂ.51,750 દર્શાવવામાં આવી છે. સાથે બંને કાર જપ્ત કરી હતી. જ્યારે ત્રીજી કાર્યવાહીમાં કોસ્ટલ પોલીસ સ્ટેશન, કડૈયાની ટીમે પાતલિયા ચેકપોસ્ટ નજીકથી એકને બે બોક્સ દારૂ જેની અંદાજિત કિંમત 6,960 ના જથ્થા તથા મોપેડ સાથે ઝડપી પાડ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ 19 સપ્ટેમ્બરથી અત્યાર સુધી રૂ.28.56 લાખનો દારૂ-બિયર અને રૂ.40.22 લાખના વાહનો સહિત કુલ રૂ.68.78 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સમગ્ર નેટવર્કમાં કોણ-કોણ સંકળાયેલું છે તેની તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

બરૂમાળ ગામે અકસ્માતમાં બુલેટસવાર યુવકનું મોત

ધરમપુરઃ કુરગામના પ્રતિક અનિલભાઈ ભુસારા (ઉ.વ.24) પોતાની બુલેટ (નં. GJ 15 DB 5280)પર દિક્ષિતભાઈ ભુસારાને પાછળ બેસાડીને બિલપુડીથી આવી રહ્યા હતા. આ દરમિયાન બરૂમાળ ગામ નજીક વળાંકમાં બુલેટ રોડની બાજુમાં લગાવેલ લોખંડના બોર્ડ અને લોખંડના એંગલ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં પાછળ બેઠેલ દિક્ષિતભાઈને સામાન્ય ઇજા થઈ હતી. જ્યારે બુલેટ ચલાવી રહેલા પ્રતિકભાઈને જમણા પગે ગંભીર ઇજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં પરિવારજનો સહિત સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચીખલી તાલુકાના મલિયાધરા ગામેથી તીનપત્તીનો જુગાર રમતાં પાંચ ઝડપાયા

ઘેજઃ ચીખલી પોલીસે મલિયાધરા ગામ ભૂરી ફળીયા રાજેશ રમણ પટેલના ખેતર પાસે રેડ પાડી તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા રાજુ બાવાભાઈ કોળી પટેલ (ઉ.વ.૪૧, રહે., ઉંડાચ લુહાર ફળિયા, તા.ગણદેવી), કુશ સુરેશ ચૌહાણ (ઉ.વ.૨૫, રહે., બામણવેલ પહાડ ફળિયા, તા.ચીખલી), મયુર અમૃત પટેલ (ઉ.વ.૪૦, રહે., મલિયાધરા કુવા ફળિયા, તા.ચીખલી), રાજેશ રમણ પટેલ (ઉ.વ.૫૦, રહે., મલિયાધરા ભૂરી ફળિયા, તા.ચીખલી), દિલીપસિંગ બળવંતસિંગ લબાના (ઉ.વ.૪૨, રહે., દેવસર ગુરુનાનક નગર, બીલીમોરા, તા.ગણદેવી)ને કુલ રૂ.૧૯,૮૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યા હતા. જ્યારે મોબીન મહંમદ શેખ (રહે.,ચીખલી), સંજય ઉર્ફે ચકો ભીખુભાઈ પટેલ (રહે., આંતલીયા તોરાની ચાલ, તા.ગણદેવી) તથા મિતેશ ઉર્ફે લાલુ ઉર્ફે ભાવુ ભીખુભાઈ પટેલ (રહે., ગોરગામ અરવાડા ફળિયા, તા.જિ.વલસાડ)ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
મજુરી 5.9%
R.A. Parikh Jewellers NX
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181